(૨૫)

કુદરતી આપત્તિઓ (**Natural Calamities**) ને કારણે થતા માનવ મૃત્યુ / પશુ મૃત્યુ / ઈજા તેમજ સ્થાવર / જંગમ મિલકતને થતા નુકશાન માટે નાણાંકીય સહાય ચૂકવવાના સંકલિત ધોરણો બાબત.

મહેસુલ વિભાગ
04 MAY 2015
શાખા... 3378 20

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સીએલએસ / ૧૦૨૦૧૨ / ૨૫૩ / સ.3
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :૨૭/ ૦૪ /૨૦૧૫

વંચાણે લીધા :-

(૧) મહેસુલ વિભાગનો તા. ૨૧/૦૮/૨૦૧૦ નો ઠરાવ ક્રમાંકઃ સીએલએસ/૧૦૨૦૦૯/૧૨૪૧/સ.3
(૨) મહેસુલ વિભાગનો તા. ૨૦/૧૨/૨૦૧૦ નો પરિપત્ર ક્રમાંકઃ સીએલએસ/૧૦૨૦૦૯/ ૧૨૪૧(૧)/સ.3
(3) મહેસુલ વિભાગનો તા. ૨૪/૧૦/૨૦૧૧ નો ઠરાવ ક્રમાંકઃ સીએલએસ/૧૦૨૦૦૯/૧૨૪૧/સ.3
(૪) મહેસુલ વિભાગનો તા. ૦૨/૦૪/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંકઃ સીએલએસ/૧૦૨૦૦૯/૧૨૪૧/સ.3
(૫) ભારત સરકારનો તા. ૧૬/૦૧/૨૦૧૨ નો પત્ર ક્રમાંક ૩૨-૭/૨૦૧૧/ એન.ડી.એમ.-I
(૬) મહેસૂલ વિભાગનો તા. ૦૭/૦૮/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંકઃ સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.3
(૭) ભારત સરકારનો તા. ૧૩/૦૮/૨૦૧૨ નો પત્ર ક્રમાંક ૩૨-3/૨૦૧૦/ એન.ડી.એમ.-I
(૮) ભારત સરકારનો તા. ૧૮/૦૮/૨૦૧૨ નો પત્ર ક્રમાંક ૩૨-૧૭/૨૦૦૮/ એન.ડી.એમ.-I
(૯) ભારત સરકારનો તા. ૨૧/૦૬/૨૦૧૩ નો પત્ર ક્રમાંક ૩૨-3/૨૦૧૩/ એન.ડી.એમ.-I
(૧૦) મહેસુલ વિભાગનો તા. ૨૬/૦૯/૨૦૧૩ નો ઠરાવ ક્રમાંક સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.3.
(૧૧) ભારત સરકારનો તા. ૨૮/૧૧/૨૦૧૩ નો પત્ર ક્રમાંક ૩૨-3/૨૦૧૩/ એન.ડી.એમ.-I
(૧૨) મહેસુલ વિભાગનો તા. ૦૪/૦૭/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.3
(૧૩) મહેસુલ વિભાગનો તા. ૨૦/૦૮/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.3.
(૧૪) ભારત સરકારનો તા. ૦૮/૦૪/૨૦૧૫ નો પત્ર ક્રમાંક ૩૨-૭/૨૦૧૪/ એન.ડી.એમ.-I

Office of
A. A. U.,
1 MAY 2015
5306

૧૦૩૯/મ-3
૫/૫/૧૫

## આમુખ :

રાજયમાં વિવિધ પ્રકારની કુદરતી આપત્તિઓને કારણે થતા નુકસાન માટે ઉપર વંચાણે લીધા ઠરાવોથી સહાયના ધોરણો અને સહાય ચુકવવાની પ્રક્રિયા તથા તેના અધિકારો આપવામાં આવ્યા છે. ભારત સરકારે સહાયના ધોરણોમાં કરેલ સુધારા ધ્યાને લઈ કુદરતી આપત્તિઓના પ્રકાર, સહાયના સુધારેલા ધોરણો, સહાય ચુકવવામાં વિસંગતતા નિવારવા રાખવાની કાળજી વગેરે બાબતોની સંકલિત સુચનાઓ બહાર પાડવી અનિવાર્ય જણાય છે.

## ઠરાવ :

રાજ્યમાં કુદરતી આપત્તિઓ જેવી કે, (૧) ભારે વરસાદ - પૂર (Heavy Rainfall - Flood), (૨) વાદળ ફાટવુ (Cloud burst), (૩) વાવાઝોડું (Cyclone), (૪) દુષ્કાળ (Drought), (૫) ભૂકંપ / ત્સુનામી (Earthquake / Tsunami), (૬) જમીન ધસી જવી (Landslides), (૭) હિમપ્રપાત (Avalanches), (૮) કરાની વૃષ્ટિ (Hailstorm), (૯) ઠાર અને શીત લહેર (Frost and Cold wave), (૧૦) જીવાતનું આક્રમણ (Pest attack), (૧૧) આગ (Fire) વિગેરેથી થતા નુકસાન માટે સહાય મંજૂર કરવાના અધિકારો તથા સહાય મંજૂર કરવાની પ્રક્રિયા કાળજીપૂર્વકની વિચારણા કરી નીચે મુજબ અમલ કરવા આ સંકલિત ઠરાવ કરવામાં આવે છે.

ભારત સરકારે વંચાણે લીધેલ ક્રમ (૭) ના ઓફિસ મેમોરેન્ડમથી ઠાર અને શીત લહેરનો પણ કુદરતી આપત્તિમાં સમાવેશ કર્યો છે જે નીચે મુજબ છે.

ભારત સરકાર ના સંદર્ભ-૭ માં દર્શાવેલ પત્રથી ઠંડી / ઠાર / હીમપ્રપાત / હીમપ્રકોપ ને પણ કુદરતી આપત્તિ ગણવામાં આવેલ છે અને સહાય માટે નીચે મુજબના માપદંડ નક્કી કરવામાં આવેલ છે.

- (i) હીમપ્રપાત / હીમપ્રકોપ પ્રભાવિત વિસ્તારોમાં જ્યાં સામાન્ય સંજોગોમાં ૧૦° સે. કે તેથી ઉપરનું તાપમાન રહેતુ હોય ત્યાં ૭° સે. થી વધુ નીચે તાપમાન જાય ત્યારે તથા
- (ii) જે વિસ્તારમાં ૧૦° સે. થી નીચે તાપમાન રહેતુ હોય તેવા વિસ્તારોમાં ૫° સે. થી નીચુ તાપમાન જાય ત્યારે,
- (iii) ઉપરોક્ત તાપમાન ભારત સરકાર ના હવામાન ખાતાની કચેરી એ જે તે વિસ્તાર માટે પ્રસારિત કરેલ તાપમાન ની તત્કાલિન સ્થિતિ માપદંડ તરીકે ધ્યાને લેવાની રહેશે,
- (iv) જે પ્રભાવિત વિસ્તારોમાં પાકને ૩૩% અને તેથી વધુ નુકસાન થયું હશે તેને દુષ્કાળ, કરા વૃષ્ટિ, જીવાત આક્રમણ અને અન્ય આપત્તિઓની જેમ સહાયને પાત્ર રહેશે. તે જ રીતે પશુ, મરઘાં વિગેરેને પણ ઠરાવેલ સહાય મળવાપાત્ર થશે.

કુદરતી આપત્તિઓ ને કારણે થતા માનવ મૃત્યુ અને ઈજા, સ્થાવર જંગમ મિલકતને નુકશાન, ખેડૂતો, માછીમારો,હસ્તકલા અને હાથશાળના કારીગરોને થતા નુકશાન તથા પશુ મૃત્યુ સહાયના

સુધારેલા ધોરણો.

| | |
|---|---|
| 1 | માનવ મૃત્યુ સહાય |
| | રૂા. ૪,૦૦,૦૦૦/- |
| 2 | નાશ / નુકશાન પામેલ કાચા / પાકા મકાનો / ઝુંપડા મરામત સહાય |
| 2.1 | સંપૂર્ણ નાશ પામેલ મકાનો અને મોટુ નુકશાન પામેલ મકાનો |
| | રૂા. ૯૫,૧૦૦/- પાકુ મકાન (સમતલ/સપાટ વિસ્તારમાં આવેલ)<br>રૂા. ૧,૦૧,૯૦૦/- પાકુ મકાન (પર્વતીય વિસ્તારોમાં આવેલ-ઈન્ટીગ્રેટેડ એકશન પ્લાન લાગુ હોય તેવા જિલ્લાઓ સહિત) |
| | રૂા. ૯૫,૧૦૦/- કાચા મકાન<br>રૂા. ૧,૦૧,૯૦૦/- કાચા મકાન (પર્વતીય વિસ્તારોમાં આવેલ-ઈન્ટીગ્રેટેડ એકશન પ્લાન લાગુ હોય તેવા જિલ્લાઓ સહિત) |
| 2.2 | આંશીક રીતે નુકશાન પામેલ કાચા / પાકા મકાનો (ઓછામાં ઓછું ૧૫% નુક્સાન હોય તો જ મળવાપાત્ર) |
| | રૂા. ૫,૨૦૦/- પાકુ મકાન<br>રૂા. ૩,૨૦૦/- કાચુ મકાન<br>(ઉપરોક્ત રકમ ઉપરાંત બંને કિસ્સામાં રૂા. ૬,૦૦૦/- રાજ્ય સરકારના બજેટમાંથી મળવાપાત્ર રહેશે.) |
| 2.3 | નાશ / નુકશાન પામેલ ઝુંપડા |
| | રૂા. ૪,૧૦૦/-<br>(ઉપરોક્ત રકમ ઉપરાંત રૂા. ૩,૦૦૦/- રાજ્ય સરકારના બજેટમાંથી મળવાપાત્ર રહેશે.) |
| 2.4 | ઘર સાથે સંકળાયેલ કેટલ શેડ |
| | રૂા. ૨,૧૦૦/- |
| 3 | અપંગતાના કેસમાં સહાય (વ્યક્તિદીઠ) |
| | રૂા. ૫૯,૧૦૦/- ૪૦% થી ૬૦% અપંગતામાં |
| | રૂા. ૨,૦૦,૦૦૦/- ૬૦% થી વધુ અપંગતામાં |
| 4 | ગંભીર ઈજાથી હોસ્પિટલમાં દાખલ થવાના કેસમાં |
| | રૂા. ૧૨,૭૦૦/- એક સપ્તાહથી વધુ સમય હોસ્પિટલમાં દાખલ રહે તો |
| | રૂા. ૪,૩૦૦/- એક સપ્તાહથી ઓછા સમય હોસ્પિટલમાં દાખલ રહે તો |
| 5 | દૈનિક રોકડ સહાય (કેશ ડોલ્સ) |
| | રૂા. ૬૦/- દૈનિક પુખ્ત વયના વ્યકિત માટે (વધુમાં વધુ ૩૦ દિવસ માટે, જરૂરિયાત જણાય તો પ્રથમ તબક્કામાં ૬૦ દિવસ સુધી લંબાવી શકાય તથા દુષ્કાળ કે જીવાત આક્રમણના |

| | |
|---|---|
| | કિસ્સામાં સળંગ ૯૦ દિવસ સુધી લંબાવી શકાય) |
| | રૂ. ૪૫/- બાળકદીઠ (વધુમાં વધુ ૩૦ દિવસ માટે, જરૂરિયાત જણાય તો પ્રથમ તબક્કામાં ૬૦ દિવસ સુધી લંબાવી શકાય તથા દુષ્કાળ કે જીવાત આક્રમણના કિસ્સામાં સળંગ ૯૦ દિવસ સુધી લંબાવી શકાય) |
| 6 | કપડાં અને ઘરવખરી સહાય |
| | રૂ. ૧,૮૦૦/- કપડાં સહાય (કુટુંબદીઠ) |
| | રૂ. ૨,૦૦૦/- ઘરવખરી સહાય (કુટુંબદીઠ) |
| 7 | પશુમૃત્યુ સહાય (પશુદીઠ) |
| 7.1 | દુધાળા પશુ |
| | રૂ. 30,000/- ગાય / ભેંસ / ઉંટ / યાક વિગેરે માટે |
| | રૂ. 3,000/- ઘેટા / બકરા વિગેરે માટે |
| 7.2 | બીન દુધાળા પશુ |
| | રૂ. ૨૫,૦૦૦/- ઉંટ / ઘોડા / બળદ વિગેરે માટે |
| | રૂ. ૧૬,૦૦૦/- રેલ્લો(પાડો-પાડી) ગાયની વાછરડી / ગધેડો / પોની વિગેરે |
| 8 | પક્ષી મૃત્યુ સહાય |
| | રૂ. ૫૦/- પ્રતિપક્ષી વધુમાં વધુ રૂ. ૫૦૦૦/-પ્રતિ કુટુંબ ની મર્યાદામાં(પક્ષીનું મૃત્યુ કુદરતી આપત્તિના કારણે થયેલ હોવું જોઈએ) |
| 9 | ખેતી સહાય |
| 9.1 | બે હેકટર સુધી જમીન ધરાવતા ખેડૂતોને સહાય |
| | રૂ. ૧૨,૨૦૦/- જમીન ધોવાણ માટે (પ્રતિ હેકટર) |
| | રૂ. ૧૨,૨૦૦/- પર્વતીય વિસ્તાર (પ્રતિ હેકટર) |
| | રૂ. ૧૨,૨૦૦/- ફીશ ફાર્મના ધોવાણ અને પુનઃ સ્થાપન રીપેરીંગ (પ્રતિ હેકટર) |
| | રૂ. ૩૭,૫૦૦/- પ્રતિ હેકટર લેન્ડસ્લાઈડીંગ કે નદીનુ વહેણ બદલાવાના કારણે જમીન અંશતઃ નકામી બની ગયેલ હોય કે વહેણમાં દબાઈ ગયેલ હોય |
| 9.2 | બે હેકટર સુધી જમીન ધરાવતા ખેડૂતોને ઈનપુટ સબસીડી (૩૩% અને તેથી વધુ નુકશાનનાં કિસ્સામાં) |
| | રૂ. ૬,૮૦૦/- પ્રતિ હેકટર બિન પિયત (વાવેતર વિસ્તારની મર્યાદામાં) |
| | રૂ. ૧૩,૫૦૦/- પ્રતિ હેકટર પિયત (વાવેતર વિસ્તારની મર્યાદામાં અને રૂ. ૧૦૦૦/- થી ઓછી નહીં તેટલી સહાય) |
| | રૂ. ૧૮,૦૦૦/- પ્રતિ હેકટર બારમાસી પાક (વાવેતર વિસ્તારની મર્યાદામાં અને રૂ. |

| | |
|---|---|
| | ૨૦૦૦/- થી ઓછી નહીં તેટલી સહાય) |
| 9.3 | બે હેક્ટરથી વધારે જમીન ધરાવતા ખેડુતો (પાકને ૩૩% અને તેથી વધારે નુકશાનના કિસ્સામાં) (વધુમાં વધુ ૨ હેક્ટરની મર્યાદામાં જ સહાય ચૂકવી શકાશે) |
| | રૂા. ૬,૮૦૦/- પ્રતિ હેક્ટર બિન પિયત (વાવેતર વિસ્તારની મર્યાદામાં) |
| | રૂા. ૧૩,૫૦૦/- પ્રતિ હેક્ટર પિયત (વાવેતર વિસ્તારની મર્યાદામાં) |
| | રૂા. ૧૮,૦૦૦/- પ્રતિ હેક્ટર બારમાસી પાક (વાવેતર વિસ્તારની મર્યાદામાં) |
| 10 | માછીમારોને થયેલ નુકશાન સહાય |
| | રૂા. ૪,૧૦૦/- અંશતઃ નુકશાન પામેલ હોડી રીપેરીંગ માટે |
| | રૂા. ૨,૧૦૦/- અંશત નુકશાન પામેલ જાળી રીપેરીંગ માટે |
| | રૂા. ૯,૬૦૦/- સંપૂર્ણ નાશ પામેલ હોડી બદલવા માટે |
| | રૂા. ૨,૬૦૦/- સંપૂર્ણ નાશ પામેલ જાળી બદલવા માટે |
| | રૂા. ૮,૨૦૦/- (હેક્ટરદીઠ) ઈનપુટ સબસીડી મત્સ્યબીજ માટે |
| 11 | હસ્તકલા અને હથશાળ કારીગરો માટે સહાય |
| | રૂા. ૪,૧૦૦/- નુક્સાન પામેલ સાધનોની ખરીદી માટે |
| | રૂા. ૪,૧૦૦/- નુક્સાન પામેલ કાચા / પાકા માલ સામાન માટે |

ઉપર્યુક્ત ટેબલ મુજબની સહાય મંજુર કરતી વખતે નીચેની સુચનાઓ ધ્યાને લેવાની રહેશે.

૧. <u>મૃત્યુ સહાય :-</u>

(૧) મૃત્યુ પામેલ વ્યકિત દીઠ રૂા. ૪,૦૦,૦૦૦/- ની સહાય ચૂકવવાની રહેશે. આ રકમ SDRF માંથી ચૂકવવાની રહેશે. આ મૃત્યુ સહાય સરકારી કર્મચારી/રાહત કે બચાવ કામગીરી કરતા અન્ય કર્મચારી, કે જે રાહત કામગીરીમાં રોકાયેલ હોય તેમનું તે દરમિયાન મૃત્યુ થાય તો તેમને પણ મળવાપાત્ર રહેશે. આફત રાહત અંગેની મોકડ્રીલ તથા તૈયારીની કામગીરી દરમિયાન પણ જો કોઈ કર્મચારીનુ મૃત્યુ થાય તો તેને પણ આ સહાય મળવાપાત્ર રહેશે.

(૨) નિર્દિષ્ટ કરેલી કુદરતી આફતને લીધે વિદેશમાં પોતાની જીંદગી ગુમાવનાર ભારતીય નાગરિક તથા ભારતીય સંઘ પ્રદેશમાં પોતાની જીંદગી ગુમાવનાર વિદેશી નાગરિકની બાબતમાં તેના કુટુંબને આ સહાય મળવાપાત્ર થશે નહી.

(૩) સક્ષમ અધિકારી ધ્વારા મૃત્યુ કુદરતી આફતના કારણે થયુ છે તેવુ પ્રમાણપત્ર મેળવવાનુ રહેશે.

(૫) કુદરતી આપત્તિની સીધી અસરના કારણે મૃત્યુ થયેલ છે તે બાબતની તપાસ અને ખાતરી મહેસુલી તથા પોલીસ તંત્રએ કરવાની રહેશે.

(૬) મૃત્યુ પામનાર દરેક કીસ્સામાં પોલીસ ફરીયાદ (એફ.આઈ.આર.) અથવા "બનાવની જાણવા જોગ નોંધ" પોલીસ સ્ટેશને થયાના રિપોર્ટની નકલ કેસની ફાઈલ સાથે રાખવાની રહેશે.

(૭) પોસ્ટમોર્ટમ રીપોર્ટ રેકર્ડ પર લેવાનો રહેશે.

(૮) મૃત્યુના સંજોગોનુ રેકર્ડ બનાવવાનુ રહેશે. જેમાં બનાવનુ સ્થળ, ગામ, જેના અધિકાર ક્ષેત્રમાં છે તે ગામના સરપંચ, તલાટીસહ મંત્રી અથવા નગર પંચાયત, નગર પાલિકા અથવા મહાનગર પાલિકાના ચૂંટાયેલ સભ્ય, ચીફ ઓફીસર / વોર્ડ ઓફીસરનુ કુદરતી આપત્તિની સીધી અસરને કારણે મૃત્યુ થયેલ છે તે બાબતેનુ પ્રમાણપત્ર રેકર્ડ પર રાખવાનુ રહેશે.

(૯) મૃત્યુ સહાયની મંજૂરી અંગેનો આખરી નિર્ણય શહેરી વિસ્તાર માટે જિલ્લા કલેકટર અને ગ્રામ્ય વિસ્તાર માટે જિલ્લા વિકાસ અધિકારીની કક્ષાએ લેવાનો રહેશે.

(૧૦) આ રકમ ચૂકવતી વખતે મરનાર વ્યકિત અથવા તેના વારસદારોની આવક, ધંધો, તેમને મળેલ અન્ય સહાય અથવા તેમના જીવન વિમાની વિગત વગેરે જેવી બાબતો ધ્યાનમાં લેવાની રહેશે નહી.

(૧૧) રાજ્ય સરકાર ધ્વારા સંપૂર્ણ કે અંશતઃ પ્રિમિયમથી ખેત મજુરો, ખેડુતો, વિદ્યાર્થીઓ, શ્રમીકો વિગેરેને વિમાનુ રક્ષણ પુરૂ પાડવામાં આવેલુ હોય તો ત્યાં આ સહાયની રકમ ચૂકવ્યાની જાણ સંબધિત જિલ્લા કક્ષાના અધિકારી જેવા કે જિલ્લા શિક્ષણાધિકારી / જિલ્લા ખેતીવાડી અધિકારીને કરવાની રહેશે

(૧૨) કોઈ વિશિષ્ટ સંજોગોમાં પોલીસ ફરીયાદ થયેલ ન હોય અથવા પોસ્ટ મોર્ટમ થયેલ ન હોય તો તેવા કેસો સંજોગો / પરિસ્થિતિને ધ્યાનમાં લઈ વર્ગ - ૧ ના જિલ્લા કક્ષાના અધિકારી મારફતે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરાવી આ મૃત્યુ કુદરતી આપત્તિઓના કારણે થયુ છે પરંતુ વિશિષ્ટ સંજોગો / પરિસ્થિતિને લીધે પોલીસ ફરીયાદ / પોસ્ટ મોર્ટમ થયેલ નથી તેવા સંજોગોમાં માનવ મૃત્યુ સહાય ચૂકવવા અંગેનો નિર્ણય જિલ્લા કક્ષાની સમિતિએ લેવાનો રહેશે.

(૧૩) કુદરતી આપત્તિઓના કારણે કોઈપણ વ્યકિત તણાઈ જવાથી અથવા ડુબી જવાના કારણે લાપત્તા થયેલ હોય અથવા લાશ મળતી ન હોય અથવા વણઓળખાયેલ રહેતી હોય તેવા કિસ્સામા (દરિયામાં માછીમારી માટે ગયેલ માછીમારોના કિસ્સા સહીત) કુદરતી આપત્તિના સંજોગો ધ્યાને લઈ નીચે જણાવેલ જિલ્લા કક્ષાની કમિટિમાં સહાય ચૂકવવા અંગે નિર્ણય લેવાનો રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | જિલ્લા કલેકટર | અધ્યક્ષ |
| (૨) | જિલ્લા વિકાસ અધિકારી | સભ્ય |
| (૩) | જિલ્લા પોલીસ અધિકારી | સભ્ય |
| (૪) | જિલ્લા સીવીલ સર્જન | સભ્ય |
| (૫) | જિલ્લાના નિવાસી અધિક કલેકટર | સભ્ય |

(૧૪) દરિયાઈ વાવાઝોડાના કારણે કોઈ માછીમારનુ દરિયામાં ડુબી જવાથી મૃત્યુ થાય તથા લાપત્તા થયેલ હોય તેવા કીસ્સામાં મૃત્યુ સહાય મંજૂર કરતી વખતે ભારતીય હવામાન ખાતાનો આ અંગેનો ચેતવણી રીપોર્ટ ધ્યાને લઈ તે પછી સહાય મંજૂર કરવા / નહી કરવા બાબતે યોગ્ય નિર્ણય લેવાનો રહેશે. આ અંગેના કાગળો જિલ્લા મત્સ્યોદ્યોગ અધિકારીએ તૈયાર કરવાના રહેશે.

(૧૫) સામાન્ય રીતે જે વ્યકિતનુ મૃત્યુ કુદરતી આપત્તિના લીધે વીજ કરંટ લાગવાથી થયેલ હોય તેવા કિસ્સામાં સહાયની રકમ મંજૂર કરી ચૂકવતા પહેલા સબંધિત વીજ-જોડાણ અધિકૃત છે કે કેમ તેની ખાતરી કર્યા બાદ તથા વીજ-જોડાણ અધિકૃત અને કાયદેસર હોય તે અંગેનો રીપોર્ટ મેળવી તે પછી જ રાહત મંજૂર કરવાની રહેશે.

(૧૬) રાજયમાં એક જિલ્લામાં રહેતા વ્યકિતનું અન્ય જિલ્લામાં મૃત્યુ થયેલ હોય તો જે જિલ્લામાં મૃત્યુ થયેલ છે તે જિલ્લાના સક્ષમ અધિકારીએ તમામ રેકર્ડ તૈયાર કરી આ અંગે યોગ્ય નિર્ણય લઈ મૃત્યુ થયેલ વ્યકિતનો જે જિલ્લામાં કાયમી વસવાટ હતો તે જિલ્લાના સક્ષમ અધિકારી મારફતે મૃતક વ્યકિતના વારસદારોને સહાયનું ચૂકવણું કરવાનું રહેશે.

**(અ) નીચેના કિસ્સાઓમાં થયેલ મૃત્યુ કુદરતી આપત્તિથી થયેલ ગણાશે નહી. તેથી આવા કિસ્સાઓમાં આ ઠરાવ હેઠળ મૃત્યુ સહાય મળવાપાત્ર થશે નહી.**

(૧) નદી, તળાવ, જળાશય, વાંકળામા ન્હાવા પડેલ વ્યકિત ડુબી / તણાઈ જાય તો.

(૨) તળાવ, નદી, કોતર કે જળાશયના કીનારે કપડાં વાસણ ધોવા કે અન્ય કામે ગયેલ હોય અને પગ લપસતા કે તણાઈ જવાના કિસ્સામાં.

(૩) નર્મદા કેનાલ કે અન્ય પ્રતિબંધિત વિસ્તારમાં પ્રતિબંધ હોવા છતા ત્યાં ગયેલ હોય અને ત્યાં કોઈ કારણસર મરણ થાય તો.

(૪) નદી / નાળા તેમજ નીચાણવાળા વિસ્તાર વગેરેમાં પુર અંગે ચેતવણી આપી હોય અને સ્થળાંતર કરવા માટે વાકેફ કરવા છતાં તેનો અમલ ન કરે ને આવી જગ્યાએ અતિવૃષ્ટિ / પુર વગેરેમાં મૃત્યુ થાય તો.

(૫) નશો કરેલ વ્યકિતનુ મૃત્યુ થવાથી.

(૬) નદી / તળાવ / વાંકળા / જળાશય કીનારે પુરના પાણીની પરિસ્થિતિ જોવા કે અન્ય કારણસર જવાથી પગ લપસી જવાથી.

(૭) પુરના પાણીથી ઘેરાઈ ગયેલ વિસ્તારમાં માંદગીથી મૃત્યુ.

**(બ) મૃત્યુ સહાયની રકમના ચૂકવણાં બાબત : -**

(૧) મૃત્યુ સહાયના કેસ તથા અન્ય રાહતના કેસો કલેકટર / જિલ્લા વિકાસ અધિકારીશ્રીને મંજૂર કરવા અધિકૃત કરવામાં આવે છે.

(૨) આ સહાયની રકમ એકાઉન્ટ પેઈ ચેક / ડ્રાફટથી ચૂકવવાની રહેશે.

(૩) આ સહાયની રકમ મરનાર વ્યકિતના (૧) પતિ-પત્નિ (૨) માતા - પિતા (૩) પુત્ર - પુત્રી (પરણીત હોય તો પણ) જેવા સીધીલીટીના વારસદાર અને તે ન હોય તો

તેના કુટુંબના અન્ય સભ્યો કે જે મરનાર પર સંપૂર્ણ પણે આધારીત હતા તેમને જ (આ કમમાં ) સહાય ચૂકવવાની રહેશે. અન્ય કુટુંબીજનોની સંમતિ હોય તો આ રકમ એક જ વ્યકિતને ચૂકવી શકાશે અથવા જરૂર જણાયે સંયુકત નામનો ચેક બનાવવાનો રહેશે. તે સિવાય અન્ય ઈસમોને આ સહાય ચૂકવી શકાશે નહી.

(૪) આ રાહત વ્યકિતના મૃત્યુ પછી જેટલી ઝડપથી ચૂકવી શકાય તેટલી ઝડપથી ચૂકવવાની રહેશે. અને રાહત ચૂકવવામાં વિલંબ ન થાય તે જોવાની જવાબદારી સબંધિત જિલ્લા કલેકટર / જિલ્લા વિકાસ અધિકારીની રહેશે.

(૫) આ અંગેનુ સંકલીત માસીક પત્રક જિલ્લા કલેકટરશ્રીએ રાહત નિયામકશ્રી ગાંધીનગરને દર માસે મોકલી આપવાનુ રહેશે.

૨. <u>અપંગતા અને માનવ ઈજા સહાય :-</u>

(૧) કુદરતી આપત્તિની સીધી અસરને કારણે થતી ઈજામાં શરીરનો કોઈ અવયવ કે આંખો ગુમાવવા માટે સિવિલ સર્જનનું અપંગતાનું પ્રમાણપત્ર ધ્યાને લઇ તેમજ નોર્મ્સમાં નિર્દિષ્ટ કર્યા મુજબ હોસ્પીટલાઇઝેશન માટે ઈજા સહાય ચૂકવી શકાશે.

૩. <u>દૈનિક રોકડ સહાય (કેશ ડોલ્સ) :-</u>

(૧) કુદરતી આપત્તિઓનો ભોગ બનેલ કુટુંબ કે જેનો ખાધાખોરાકી / અનાજનો જથ્થો ધોવાઈ ગયેલ હોય/તણાઈ ગયેલ હોય અથવા જેમની આજીવિકા ગંભીર રીતે પ્રભાવિત થયેલ હોય અને જે રાહત શિબિરમાં ના રહેતા હોય તેવા કુટુંબને મંજૂર કરી ચૂકવી શકાશે.

(૨) કુદરતી આપત્તિની ગંભીરતાના સંજોગો તપાસી આ નાણાંકીય મર્યાદાની અંદર આ સહાય મંજૂર કરવાના અધિકાર જિલ્લા કલેકટર / જિલ્લા વિકાસ અધિકારીને અને તેઓ જે અધિકારીને સત્તા આપે તે અધિકારીને રહેશે.

૪. <u>કપડાં અને ઘરવખરી સહાય :-</u>

(૧) કુદરતી આપત્તિઓથી બે દિવસથી વધારે સમય માટે અસર ગ્રસ્ત રહેલ હોય અને જેના ઘર તણાઈ ગયેલ હોય, સંપુર્ણ નાશ પામ્યા હોય, બે દિવસથી વધુ સમય સુધી પાણીમાં હોય તેવા નિરાધાર કુટુંબની વ્યક્તિઓનાં કપડા, વાસણો અને ઘરવખરીને નુકશાન થયું હોય તેવા કુટુંબને કપડાં સહાય રૂ. ૧,૮૦૦/- અને ઘરવખરી સહાય રૂ. ૨,૦૦૦/- ની પ્રાંત અધિકારી / નાયબ કલેકટર / નાયબ જિલ્લા વિકાસ અધિકારી અથવા કોઈ ચોકકસ કુદરતી આપત્તિને ધ્યાનમાં લઈ ચોકકસ સમય માટે અધિકૃત કરેલ જિલ્લાના અધિકારી આ સહાય મંજૂર કરી શકશે.

<u>કેશ ડોલ્સ અને ઘરવખરીના સહાયના ચુકવણા સમયે નીચેની બાબતો ધ્યાનમાં લેવાની રહેશે.</u>

(અ) આ સહાય મંજૂર કરતી વખતે અસરગ્રસ્ત કુટુંબની આવક, ધંધો, તેને મળેલ અન્ય સહાય, વિમો અથવા તેના કાયમી વસવાટનુ સ્થળ અથવા મકાન બાંધકામ અધિકૃત છે કે નહી વગેરે બાબતો ધ્યાનમાં લેવાની નથી.

(બ) સંબધિત અધિકારીએ આ સહાય મંજૂર કરતી વખતે સ્થાનિક પરિસ્થિતિ, કુટુંબને પડેલ મુશ્કેલી, કુદરતી આપત્તિની ગંભીરતા વગેરે ધ્યાને લઈને સૂચવ્યા મુજબ સહાય ચૂકવવાની રહેશે.

(ક) રહેણાંકના વિસ્તારમાં પાણી ભરાયાની બાબત સ્થાનિક રેકર્ડ પર લાવવાની રહેશે.

(ખ) અસર પામેલા વિસ્તાર નકકી કરવાનો નિર્ણય સત્તા પ્રાપ્ત અધિકારીએ કરવાનો રહેશે.

(ગ) નીચાણવાળા વિસ્તારોમાંથી સલામત સ્થળે રાહત કેમ્પોમાં ખસી જવા માટે પુરતી સૂચના અને સગવડ કરવામાં આવી હોય છતા જે વ્યકિતઓ આ રીતે સ્થળાંતર કરી ગયા ન હોય તેવા કિસ્સાને પાત્રતામાંથી બાકાત રાખવાના રહેશે.

(ઘ) કેશડોલ્સ અને ઘરવખરીની પાત્રતા અંગે વખતો વખત બહાર પાડવામાં આવેલા ધોરણો પ્રમાણે સર્વે કરાવી પાત્રતા નકકી કરવાની રહેશે.

(ચ) સહાય વિતરણની વિગતોનું રેકર્ડ નિભાવવાનુ રહેશે.

(છ) સામાન્ય સંજોગોમાં આ સહાય એકાઉન્ટ પેઈ ચેક / ડ્રાફટ ધ્વારા કુટુંબના વડાને ચૂકવવાનુ રહેશે. પરંતુ સ્થાનિક સંજોગો ધ્યાનમાં લઈ આ સહાય નાણાં વિભાગના ઠરાવથી નકકી કરેલ મર્યાદામાં રહીને રોકડ સ્વરૂપમાં બે સ્થાનિક જવાબદાર વ્યકિતની હાજરીમાં ચૂકવવા સક્ષમ અધિકારી હુકમ કરી શકશે.

(જ) આ સહાયની ચૂકવણી બનતી ત્વરાએ થાય તે જોવાનુ રહેશે.

૫. <u>નાશ પામેલ / નુકશાન પામેલ કાચા / પાકા મકાનો / ઝુંપડા સહાય :-</u>

(૧) સંપૂર્ણ નાશ પામેલા અથવા આંશીક નુકશાન થયેલા પાકા / કાચા રહેણાંકના મકાનને ખરેખર થયેલ નુકશાન અંગેના સર્વે ટીમના રીપોર્ટ ધ્યાનમા લઈ સહાયની રકમ નકકી કરવાની રહેશે.

(૨) SDRF સિવાયનો ખર્ચ રાજય સરકારની ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

(૩) સહાય મંજૂર કરતી વખતે કાચા / પાકા મકાન અધિકૃત પરવાનગી લઈ બાંધેલ છે કે કેમ તે વિગત તપાસવી જરૂરી રહેશે. બિનઅધિકૃત બાંધકામના કીસ્સામાં કાચા / પાકા મકાનોની સહાય ચૂકવવાની રહેશે નહી.

(૪) મોજણી ટીમની રચના :- નાશ પામેલ/નુકશાન પામેલ કાચા/પાકા મકાનની મોજણી માટેની નીચે મુજબની સર્વે ટીમની રચના કરવાની રહેશે.

   (અ) સીનીયર કારકુનથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા મહેસુલી / પંચાયત સંવર્ગના કર્મચારી / અધિકારી.

   (બ) અધિક મદદનીશ ઈજનેરથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા ટેકનીકલ કર્મચારી / અધિકારી.

   (ક) જે તે ગામના તલાટી / તલાટી કમ મંત્રી.

   (ડ) મોજણી ટીમની રચનાના હુકમો કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીની સંયુકત સહીથી કરવાના રહેશે.

(ગ) મોજણી માટેના નિયત નમૂનામાં મળેલ અરજીપત્રકની વિગતો અંગે સ્થળ તપાસણી કરીને ટીમના તમામ સભ્યોશ્રીએ ચકાસણી રીપોર્ટમાં સહી કરવાની રહેશે.

(ઘ) મોજણી સ્થાનિક આગેવાનો, પંચોની હાજરીમાં કરવાની રહેશે અને તે અંગે પંચોની સહી મેળવવાની રહેશે.

(ચ) મોજણી ટીમ નુકશાનના અંદાજો અંગે સ્વયં સ્પષ્ટ વિગતો દર્શાવી અંદાજીત નુકશાનની રકમ સહીત અભિપ્રાય આપવાનો રહેશે.

(છ) મોજણી દરમિયાન નાશ પામેલ/નુકશાન પામેલ કાચા/પાકા મકાન / ઝુંપડાના માલીક સાથેનો તારીખ અને સમય દર્શાવતો પોસ્ટકાર્ડ સાઈઝનો ફોટોગ્રાફ સરકારી ખર્ચે મોજણી ફોર્મ સાથે સામેલ કરવાનો રહેશે.

(જ) મોજણી કર્યા બાદ તુર્તજ મોજણી ટીમના વડાએ મોજણીનો અહેવાલ સબંધિત મામલતદાર / તાલુકા વિકાસ અધિકારીને યાદી બનાવી સુપ્રત કરવાનો રહેશે.

(ઝ) સક્ષમ અધિકારી એટલે કે, શહેરી વિસ્તારમાટે સબંધિત મામલતદાર અને ગ્રામ્ય વિસ્તારમાટે સબંધિત તાલુકા વિકાસ અધિકારીએ ટેકનીકલ કર્મચારીના સ્થળ નિરીક્ષણ પછી મકાનોને થયેલ ખરેખર નુકશાન તેમજ પંચનો અભિપ્રાય અને મોજણી ટીમનો નુકશાન અંગેના અહેવાલની વિગતો ધ્યાને લઈ સહાય મંજુર કરવાના હુકમો કરવાના રહેશે.

(ટ) બાંધકામની માલીકી અંગે કોઈ ઝઘડો અથવા વાદ વિવાદ હોય તો તે અંગે ઝડપથી યોગ્ય જણાય તેવી તપાસ કરી ગુણદોષ આધારે સ્વવિવેક અનુસાર નિર્ણય લઈ ઈન્ડેમ્નીટી બોન્ડ લઈ અસરગ્રસ્ત મકાન માલીકને સહાયની રકમ ચૂકવવાની રહેશે.

(ઠ) મકાન સહાયને રહેઠાણના મકાનો માટે જ ચૂકવી શકાશે.

(ડ) ઝુંપડા સહાયમાં કેટલશેડ / ઝુંપડાના નાશ / નુકશાન માટેની સહાય અંગે ઝુંપડુ એટલે કે, કામ ચલાઉ, મેક શીફ્ટ એકમ, કાચા મકાનો કરતા નિમ્ન કક્ષાનું સાંઠાનુ બનેલુ, ઘાસ, પ્લાસ્ટીક શીટનુ બનેલુ, પરંપરાગત રીતે રાજ્ય સરકાર/જિલ્લા તંત્ર ધ્વારા જાહેર નકકી થયેલ હોય તેવુ ઝુંપડુ.

(૫) સરકારી કે પંચાયતની જમીનમાં દબાણ કરી બાંધવામાં આવેલ ઝુંપડા અતિવૃષ્ટિ/ભારે વરસાદથી સંપૂર્ણપણે નાશ પામેલ હોય તેમને નીચેની શરતો પરિપૂર્ણ કરવાની શરતે સહાય ચૂકવવાની રહેશે.

(અ) પંચાયત કે સરકારી જમીનમાં દબાણ કરીને બાંધવામાં આવેલ અને અસરગ્રસ્ત થયેલ ઝુંપડાને પણ તેઓ દબાણ ખાલી કરે અને અન્ય જગ્યાએ વસવાટ કરે તે શરતે સહાય ચૂકવવાની રહેશે.

(બ) નદી, તળાવ વગેરે જળાશયોના વિસ્તારમાં ગેરકાયદેસર બાંધવામાં આવેલ ઝુંપડા સંપૂર્ણપણે નાશ પામેલ હોય તો આવા અસરગ્રસ્તો આ જળાશયોના કીનારાથી ૧૦૦

મીટરની દૂરની જગ્યાએ ખસી જાય અને નવી જગ્યાએ ઝુંપડા બનાવે તે શરતે સહાય ચૂકવવાની રહેશે.

(ડ) કાચા / પાકા મકાનો / ઝુંપડા સહાયની ચૂકવણી વખતે ધ્યાનમાં લેવાની બાબતો.

(અ) આ સહાય જે વ્યકિતનું મકાન હોય કે જેણે ખર્ચ કરી બાંધેલ હોય તેને જ આપવાની રહેશે.

(બ) આ સહાય એકાઉન્ટ પેઈ ચેક / ડ્રાફટ ધ્વારા ચૂકવવાની રહેશે.

(ક) સહાય મંજૂર / ચૂકવણી કરતી વખતે કુટુંબની આવક, ધંધો, મકાન પરનો સરકારી વિમો કે અંગત રીતે લીધેલ વિમો, કુટુંબને અન્ય સહાય અથવા કુટુંબના કાયમી વસવાટનું સ્થળ વગેરે બાબતો ધ્યાનમાં લેવાની જરૂર નથી.

(ડ) સર્વે ટીમ ધ્વારા કરેલ આકારણી આખરી ગણાશે તેમાં પુનઃ વિચારણાનો અધિકાર શહેરી વિસ્તાર માટે જિલ્લા કલેકટર અને ગ્રામ્ય વિસ્તારમાટે જિલ્લા વિકાસ અધિકારીને રહેશે.

(ગ) સર્વે ટીમ ધ્વારા મકાનની મોજણી કરાવ્યા બાદ મકાનની અંદાજવામાં આવેલ નુકશાનની રકમ મુજબની સહાય ચૂકવવાની રહેશે. ગ્રામ્ય / નગરપાલિકા / મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ આકારણી રજીસ્ટરમાં કિંમત / ભાડાના દરની જોગવાઈ મકાન ધરાવનાર વ્યકિતની માલીકી અંગે ખાતરી કરાવવાના આશયથી તેમજ આકારણી વખતે કેટલું ભાડુ ઉપજી શકે તેમ છે તે મૂજબનો મકાન વેરો નકકી કરવાનો મુખ્ય આશય હોય તે આકારણી ધ્યાનમાં લેવાની નથી પરંતુ સર્વે ટીમ ધ્વારા કરેલ નુકશાનની આકારણી ધ્યાનમાં લેવાની છે.

(ઘ) સીમતળમાં આવેલ કે ગામતળમાં આવેલ ઝુંપડાને નુકશાન અંગે સહાય મંજૂર કરવાની રહેશે.

૬. **<u>ઢોર મૃત્યુ સહાય :-</u>**

(૧) દુધાળા ઢોર

(૨) બિન દુધાળા ઢોર

(૧) આ સહાય ખરેખર થયેલ નુકશાન, આર્થિક ઉત્પાદન કરતા ત્રણ મોટા દુધાળા ઢોર અથવા 30 નાના દુધાળા ઢોર અથવા ત્રણ મોટા બિન દુધાળા ઢોર અથવા ૬ નાના બિન દુધાળા ઢોર પ્રતિ ઘર દીઠ સહાય સીમીત રેહેશે.

(૨) રાજય સરકારના સક્ષમ સત્તાધિકારીએ પ્રમાણિત કરેલ હશે તો જ આ સહાય મળવાપાત્ર થશે.

૭. **<u>મરઘા ઉછેર :-</u>**

(૧) રૂા. ૫૦/- પ્રતિપક્ષી પરંતુ વધુમાં વધુ રૂા. ૫૦૦૦/- સુધી પ્રતિ લાભાર્થીદીઠ સહાય સીમીત રહેશે.

(૨) પક્ષીનુ મૃત્યુ જાહેર કરેલ કુદરતી આપત્તિથી થયેલ હોવુ જોઈશે.

(૩) રાજ્ય સરકારની અન્ય સરકારી યોજના હેઠળ સહાય મળવાપાત્ર થતી હશે તો આ ધોરણો હેઠળ સહાય મળવાપાત્ર થશે નહી.

૮. <u>કૃષિ : ખેત જમીન નુકસાન : -</u>

(અ) <u>બે હેકટર સુધીની જમીન ધરાવતા ખેડૂતોને સહાય :</u>

(૧) <u>જમીન ધોવાણ માટે :</u>

(અ) ત્રણ ઈંચ કરતા વધારે ધોવાણના કિસ્સામાં સહાય મળવા પાત્ર થશે.

(બ) પર્વતીય વિસ્તારમાં ખેતીની જમીન પર પૂરના કારણે જમા થયેલ ઘન કચરો હટાવવા માટે સહાય મળવા પાત્ર થશે.

(ક) રાજ્ય સરકારની અન્ય યોજનામાંથી આપત્તિ માટે સહાય લીધેલ ન હોય તો જ આ સહાય મળવાપાત્ર રહેશે.

(ડ) મહેસુલી રેકર્ડ મુજબ કાયદેસર રીતે જમીનની માલિકી ધરાવતા ખેડૂતોને જ સહાય મળવાપાત્ર થશે.

(૨) <u>પાકને નુકશાન માટે સહાય :</u>

૩૩% અને તે કરતાં વધારે પાક નુકસાનના કિસ્સામાં જ આ સહાય મળવાપાત્ર થશે.

(બ) બે હેકટરથી વધારે જમીન ધરાવતા ખેડૂતો માટે :

(૧) માત્ર પાકને નુકશાન માટે.

૩૩% અને તે કરતાં વધારે નુકશાનના કિસ્સામાં જ આ સહાય મળવાપાત્ર થશે.

૯. <u>(અ) માછીમારોને થયેલ નુકશાન માટે : -</u>

(૧) રાજ્ય સરકાર પાસે રજીસ્ટર કરાવેલી હોડીના કિસ્સામાં જ તેમજ સંપૂર્ણ કે આંશિક નુકશાન રાજ્ય સરકારે જાહેર કરેલ સક્ષમ અધિકારી ધ્વારા પ્રમાણિત કરેલ હોવુ જોઈએ અને માછીમારે આ કુદરતી આપત્તિ વખતે અન્ય કોઈ સહાય કે સબસીડી લીધેલ ન હોય તો જ આ સહાય મળવાપાત્ર થશે.

(બ) મત્સ્યબીજ ફાર્મ માટે ઈનપુટ સબસીડી :

(૧) રાજય સરકારની અન્ય કોઈ યોજના હેઠળ કુદરતી આપત્તિ વખતે અન્ય કોઈ સહાય કે સબસીડી લીધેલ ન હોય તો જ આ સહાય મળવાપાત્ર થશે

૧૦. <u>ગ્રામ્ય કારીગરો :-</u>

પરંપરાગત હાથ કારીગરો માટે રાજય સરકારના સક્ષમ સત્તાધિકારીએ સાધનોને નુકશાન અને સાધનો બદલવા માટે પ્રમાણિત કરેલ હશે તો જ સહાય મળવાપાત્ર થશે.

## ક્રમાંક:- ૯,૧૦ અને ૧૧ માટેની સામાન્ય સૂચનાઓ:

(૧) ખેડૂતોને થયેલ નુકશાન બાબતનો સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જે તે જિલ્લાના સબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતીવાડી નિયામકશ્રી મારફત કરાવી તેની વ્યાજબી ચકાસણી ખરાઈ કરાવી આ ઠરાવના ધોરણો મુજબ મંજૂરી આપી મળવાપાત્ર સહાય લાભાર્થીઓને ચૂકવવાની રહેશે.

(૨) માછીમારોને થયેલ નુકશાન બાબતે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જિલ્લાના મદદનીશ નિયાકશ્રી (મત્સ્ય) અધિકારી મારફત સર્વે કરાવી તેની વ્યાજબી ચકાસણી ખરાઈ કરાવી આ ઠરાવના ધોરણો મુજબ મંજૂરી આપી મળવાપાત્ર સહાય લાભાર્થીઓને ચૂકવવાની રહેશે.

(3) ગ્રામ્ય કારીગરોને થયેલ નુકશાન બાબતે જિલ્લા કલેકટરશ્રીએ જિલ્લાના જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફત સર્વે કરાવી તેની વ્યાજબી ચકાસણી ખરાઈ કરાવી આ ઠરાવના ધોરણો મુજબ મંજૂરી આપી મળવાપાત્ર સહાય લાભાર્થીઓને ચૂકવવાની રહેશે.

## સામાન્ય સૂચનાઓ:

(૧) પરિશિષ્ટમાં જોડેલ ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા. ૦૮/૦૪/૨૦૧૫નાં પત્ર ક્રમાંક 32-7/2014-NDM-I ની માર્ગદર્શક સુચનાઓ લાગુ રહેશે.

(૨) જમીન ધસી પડવી, સ્થાનિક પ્રકારનુ વાવાઝોડુ જેવા કેસમાં કોઈ વ્યકિતનુ મૃત્યુ થાય / ઈજા થાય / માલ મિલકતને નુકશાન થાય તો આવા કેસો મંજૂર કરવા માટે મહેસુલ વિભાગની પૂર્વ મંજૂરી મેળવવાની થતી હતી જેના બદલે આ કેસો મંજૂર કરવાની સત્તા જિલ્લા કલેક્ટરશ્રીને આપવામાં આવે છે તેથી આ કેસોની સંપૂર્ણ ચકાસણી કરી આ ઠરાવની સહાયની જોગવાઇઓ ધ્યાને લઇ પોતાની સ્વવિવેકી બુધ્ધિ વાપરીને નિર્ણય કરી કેસો મંજૂર કરવાના રહેશે.

(3) આ ઠરાવની જોગવાઈઓ તા. ૦૧/૦૪/૨૦૧૫ ની પાશ્ચ્યાતવર્તી અસરથી અમલમાં આવશે તથા આ તારીખ પહેલાના બનાવાના કેસોમાં રાહત ચૂકવણી અગાઉના ઠરાવોની જોગવાઈઓને આધિન રહીને કરવાની રહેશે.

(૪) એસ.ડી.આર.એફ.ના નોર્મ્સ મુજબ મળવાપાત્ર સહાયનો ખર્ચ પ્રથમ એસ.ડી.આર.એફ. હેઠળ કરી ત્યારબાદ જો કોઈ વધારાની રકમ ચૂકવવાની થાય તો તે ખર્ચ ચૂકવણી ખર્ચ મુખ્ય સદર-૨૨૪૫ કુદરતી આપત્તિઓ અંગે સહાય પેટા મુખ્ય સદર-૦૨, પુર અને વાવાઝોડા સદર ખાતે ઉધારવાનો રહેશે અને જે તે નાણાકીય વર્ષમાં થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

(૫) જુદીજુદી કુદરતી આપત્તિઓમાં દર્શાવેલ જોગવાઈઓ મુજબ સહાય મંજૂર કરતી વખતે સ્થાનિક પરિસ્થિતિ, સ્થળ, સમય, સંજોગો જોઈને સહાય મંજૂર કરનાર અધિકારીએ વિવેકબુધ્ધિ વાપરી નિર્ણય લેવાનો રહેશે.

(૬) શહેરી વિસ્તાર માટે જિલ્લા કલેક્ટર અને ગ્રામ્ય વિસ્તાર માટે જિલ્લા વિકાસ અધિકારીને આવી સહાય મંજૂર કરી ચૂકવવા માટે અધિકૃત કરવામાં આવે છે.

(૭) આ સહાયના ધોરણોમાં ભારત સરકાર / ગુજરાત સરકાર વખતો વખત સુધારા / વધારા કરે તે આપોઆપ લાગુ પડશે.

આ હુકમો આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૨/૦૪/૨૦૧૫ નાં રોજ મળેલ સંમતિ અને માન. મુખ્યમંત્રીશ્રીની સંમતિ મેળવીને બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બીપીન જે. ભટ્ટ)
નાયબ સચિવ (રાહત)
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

બિડાણ:- પરિશિષ્ટ:-

૧. ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા. ૦૮/૦૪/૨૦૧૫ના પત્ર ક્રમાંક: ૩૨-૭/૨૦૧૪/ એન.ડી.એમ.-I ની માર્ગદર્શક સુચનાઓ.

પ્રતિ,

:- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

:- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

:- તમામ માન. મંત્રીશ્રીઓ તથા રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓનાં રહસ્ય સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

:- સર્વે વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી / અગ્રસચિવશ્રી / સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

:- માન. વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

:- મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

:- અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
:- રાહત કમિશ્નરશ્રી અને અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
:- સર્વે કલેકટરશ્રીઓ / જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (સંબધિત જિલ્લાના પ્રાંત અધિકારીશ્રીઓ, મામલતદારશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તથા ક્ષેત્રિય અધિકારીશ્રીઓને નકલ આપવાની વિનંતી સાથે.)
:- સચિવાલયના તમામ વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
:- નાણાં સલાહકારશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
:- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
:- સર્વે શાખાઓ, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
:- સીસ્ટમ મેનેજરશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(ઠરાવની નકલ વેબસાઈટ પર મુકવા સારૂ.)
:- હિસાબી અધિકારીશ્રી, રાહત નિયામકની કચેરી, સચિવાલય, ગાંધીનગર.
:- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
:- શાખા સિલેકટ ફાઈલ- ૨૦૧૫.

Annexure

# REVISED LIST OF ITEMS AND NORMS OF ASSISTANCE FROM STATE DISASTER RESPONSE FUNDS (SDRF) AND NATIONAL DISASTER RESPONSE FUND (NDRF)

(Period 2015-20, MHA Letter No. 32-7/2014-NDM-I Dated 8th April 2015)

| Sl. No | Items | NORMS OF ASSISTANCE |
|---|---|---|
| 1 | 2 | 3 |
| 1. | Gratuitous Relief | |
| | a) Ex-Gratia payment to families of deceased persons. | Rs.4.00 lakh per deceased person including those involved in relief operations or associated in preparedness activities, subject to certification regarding cause of death from appropriate authority. |
| | b) Ex-Gratia payment for loss of a limb or eye(s). | Rs. 59100/- per person, when the disability is between 40% and 60%.<br><br>Rs. 2.00 lakh per person, when the disability is more than 60%.<br><br>Subject to certification by a doctor from a hospital or dispensary of Government, regarding extent and cause of disability. |
| | c) Grievous injury requiring hospitalization | Rs. 12,700/- per person requiring hospitalization for more than a week.<br><br>Rs. 4,300/- per person requiring hospitalization for less than a week. |
| | d) Clothing and utensils/ house-hold goods for families whose houses have been washed away/ fully damaged/severely inundated for more than two days due to a natural calamity. | Rs.1,800/- per family, for loss of clothing.<br><br>Rs.2,000/- per family, for loss of utensils/ household goods. |
| | e) Gratuitous relief for families whose livelihood is seriously affected | Rs. 60/- per adult and Rs. 45/- per child, not housed in relief camps. State Govt. will certify that identified beneficiaries are not housed in relief camps. Further State Government will provide the basis and process for arriving at such beneficiaries district-wise.<br><br>Period for providing gratuitous relief will be as per assessment of the State Executive Committee (SEC) and the Central Team (in case of NDRF). The default period of assistance will upto to 30 days, which may be extended upto 60 days in the first instance, if required, and subsequently upto 90 days in case of drought/ pest attack. Depending on the ground situation, the State Executive Committee can extend the time period beyond the prescribed limit subject to that expenditure on this account should not exceed 25% of SDRF allocation for the year. |
| 2. | SEARCH & RESCUE OPERATIONS | |
| | (a) Cost of search and rescue measures/ evacuation of people affected/ likely to be affected | As per actual cost incurred, assessed by SEC and recommended by the Central Team (in case of NDRF). |

| | | |
|---|---|---|
| | | - By the time the Central Team visits the affected area, these activities are already over. Therefore, the State Level Committee and the Central Team can recommend actual/ near-actual costs. |
| | (b) Hiring of boats for carrying immediate relief and saving lives. | As per actual cost incurred, assessed by SEC and recommended by the Central Team (in case of NDRF).<br><br>The quantum of assistance will be limited to the actual expenditure incurred on hiring boats and essential equipment required for rescuing stranded people and thereby saving human lives during a notified natural calamity. |
| 3 | **RELIEF MEASURES** | |
| | a) Provision for temporary accommodation, food, clothing, medical care, etc. for people affected/ evacuated and sheltered in relief camps. | As per assessment of need by SEC and recommendation of the Central Team (in case of NDRF), for a period up to 30 days. The SEC would need to specify the number of camps, their duration and the number of persons in camps. In case of continuation of a calamity like drought, or widespread devastation caused by earthquake or flood etc., this period may be extended to 60 days, and upto 90 days in cases of severe drought. Depending on the ground situation, the State Executive Committee can extend the time period beyond the prescribed limit subject to that expenditure on this account should not exceed 25% of SDRF allocation for the year.<br><br>Medical care may be provided from National Rural Health Mission (NRHM). |
| | b) Air dropping of essential supplies | As per actual, based on assessment of need by SEC and recommendation of the Central Team (in case of NDRF).<br><br>- The quantum of assistance will be limited to actual amount raised in the bills by the Ministry of Defence for airdropping of essential supplies and rescue operations only. |
| | c) Provision of emergency supply of drinking water in rural areas and urban areas | As per actual cost, based on assessment of need by SEC and recommended by the Central Team (in case of NDRF), up to 30 days and may be extended upto 90 days in case of drought. Depending on the ground situation, the State Executive Committee can extend the time period beyond the prescribed limit subject to that expenditure on this account should not exceed 25% of SDRF allocation for the year. |
| 4. | **CLEARANCE OF AFFECTED AREAS** | |
| | a) Clearance of debris in public areas. | As per actual cost within 30 days from the date of start of the work based on assessment of need by SEC for the assistance to be provided under SDRF and as per assessment of the Central team for assistance to be provided under NDRF. |
| | b) Draining off flood water in affected areas | As per actual cost within 30 days from the date of start of the work based on assessment of need by SEC for the assistance to be provided under SDRF and as per assessment of the Central team(in case of NDRF). |
| | c) Disposal of dead bodies/ Carcases | As per actuals, based on assessment of need by SEC and |

| | | Recommendation of the Central Team (in case of NDRF) |
|---|---|---|
| | AGRICULTURE | |
| (i) | *Assistance farmers having landholding upto 2 ha* | |
| A | Assistance for land and other loss | |
| | a). De-silting of agricultural land (where thickness of sand/ silt deposit is more than 3", to be certified by the competent authority of the State Government.)<br>b) Removal of debris on agricultural land in hilly areas<br>c) De-silting/ Restoration/ Repair of fish farms | Rs. 12,200/- per hectare for each item<br><br>(Subject to the condition that no other assistance/ subsidy has been availed of by/ is eligible to the beneficiary under any other Government Scheme) |
| | d) Loss of substantial portion of land caused by landslide, avalanche, change of course of rivers. | Rs. 37,500/- per hectare to only those small and marginal farmers whose ownership of the land is legitimate as per the revenue records. |
| B. | Input subsidy (where crop loss is 33% and above) | |
| | a) For agriculture crops, horticulture crops and annual plantation crops | Rs. 6,800/- per ha. in rainfed areas and restricted to sown areas.<br><br>Rs. 13,500/- per ha. in assured irrigated areas, subject to minimum assistance not less than Rs.1000 and restricted to sown areas. |
| | b) Perennial crops | Rs 18,000/- ha. for all types of perennial crops subject to minimum assistance not less than Rs. 2000/- and restricted to sown areas. |
| | c) Sericulture | Rs. 4,800/- per ha. for Eri, Mulberry, Tussar<br>Rs. 6,000/- per ha. for Muga. |
| (ii) | Input subsidy to farmers *having more than 2 Ha of landholding* | Rs. 6,800/- per hectare in rainfed areas and restricted to sown areas<br>Rs.13,500/- per hectare for areas under assured irrigation and restricted to sown areas.<br>Rs. 18,000/- per hectare for all types of perennial crops and restricted to sown areas<br><br>Assistance may be provided where crop loss is 33% and above, subject to a ceiling of 2 ha. per farmer. |
| 6 | ANIMAL HUSBANDRY ASSISTANCE TO SMALL AND MARGINAL FARMERS | |
| | i) Replacement of milch animals, draught animals or animals used for haulage. | *Milch animals -*<br><br>Rs. 30,000/- Buffalo/ cow/ camel/ yak/ Mithun etc.<br>Rs. 3,000/- Sheep/ Goat/ Pig<br><br>*Draught animals -*<br><br>Rs. 25000/- Camel/ horse/ bullock, etc.<br>Rs. 16,000/- Calf/ Donkey/ Pony/ Mule<br><br>- The assistance may be restricted for the actual loss of economically productive animals and will be subject to a |

| | | |
|---|---|---|
| | | ceiling of 3 large milch animals or 30 small milch animals or 3 large draught animals or 6 small draught animals per household irrespective of whether a household has lost a larger number of animals. (The loss is to be certified by the Competent Authority designated by the State Government).<br><br>*Poultry:-*<br>Poultry @ 50/- per bird subject to a ceiling of assistance of Rs 5000/- per beneficiary household. The death of the poultry birds should be on account of a natural calamity.<br><br>*Note:* - Relief under these norms is not eligible if the assistance is available from any other Government Scheme, e.g. loss of birds due to Avian Influenza or any other diseases for which the Department of Animal Husbandry has a separate scheme for compensating the poultry owners. |
| | ii) Provision of fodder / feed concentrate including water supply and medicines in cattle camps. | Large animals- Rs. 70/- per day.<br><br>Small animals- Rs. 35/- per day.<br><br>Period for providing relief will be as per assessment of the State Executive Committee (SEC) and the Central Team (in case of NDRF). The default period for assistance will be upto 30 days, which may be extended upto 60 days in the first instance and in case of severe drought up to 90 days. Depending on the ground situation, the State Executive Committee can extend the time period beyond the prescribed limit, subject to the stipulation that expenditure on this account should not exceed 25% of SDRF allocation for the year.<br><br>Based on assessment of need by SEC and recommendation of the Central Team, (in case of NDRF) consistent with estimates of cattle as per Livestock Census and subject to the certificate by the competent authority about the requirement of medicine and vaccine being calamity related. |
| | iii) Transport of fodder to cattle outside cattle camps | As per actual cost of transport, based on assessment of need by SEC and recommendation of the Central Team (in case of NDRF) consistent with estimates of cattle as per Livestock Census. |
| 7 | FISHERY | |
| | i) Assistance to Fisherman for repair / replacement of boats, nets – damaged or lost<br><br>-- Boat<br>-- Dugout-Canoe<br>-- Catamaran<br>-- net<br>(This assistance will not be provided if the beneficiary is eligible or has availed of any subsidy/ assistance, for the instant calamity, under any other Government Scheme.) | Rs. 4,100/- for repair of partially damaged boats only<br><br>Rs. 2,100/- for repair of partially damaged net<br><br>Rs. 9,600/- for replacement of fully damaged boats<br><br>Rs. 2,600/- for replacement of fully damaged net |
| | ii) Input subsidy for fish seed farm | Rs. 8,200 per hectare. |

| | | |
|---|---|---|
| | | (This assistance will not be provided if the beneficiary is eligible or has availed of any subsidy/ assistance, for the instant calamity, under any other Government Scheme, except the one time subsidy provided under the Scheme of Department of Animal, Husbandry, Dairying and Fisheries, Ministry of Agriculture.) |
| 8 | HANDICRAFTS/HANDLOOM ASSISTANCE TO ARTISANS | |
| | i) For replacement of damaged tools/ equipment | Rs. 4,100 per artisan for equipments<br>- Subject to certification by the competent authority designated by the Government about damage and its replacement. |
| | ii) For loss of raw material/ goods in process/ finished goods | Rs. 4,100 per artisan for raw material.<br>- Subject to certification by Competent Authority designated by the State Government about loss and its replacement. |
| 9 | HOUSING | |
| | a) Fully damaged/ destroyed houses | |
| | i) Pucca house | |
| | ii) Kutcha House | Rs. 95,100/- per house, in plain areas |
| | b) Severely damaged houses | Rs. 1,01,900/- per house, in hilly areas including Integrated Action Plan (IAP) districts. |
| | i) Pucca House | |
| | ii) Kutcha House | |
| | (c) Partially Damaged Houses – | |
| | (i) Pucca (other than huts) where the damage is at least 15 % | Rs. 5,200/- per house |
| | (ii) Kutcha (other than huts) where the damage is at least 15 % | Rs. 3,200/- per house |
| | d) Damaged / destroyed huts: | Rs. 4,100/- per hut,<br>*(Hut means temporary, make shift unit, inferior to Kutcha house, made of thatch, mud, plastic sheets etc. traditionally recognized as hut by the State/ District authorities.)*<br>*Note:* -The damaged house should be an authorized construction duly certified by the Competent Authority of the State Government. |
| | e) Cattle shed attached with house | Rs. 2,100/- per shed. |

પરચ/૧૧૨૦૧૫/૧૦૩૯/મ-૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૭/૫/૨૦૧૫

પ્રતિ,

- વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાઓ/ બોર્ડ/ નિગમ/ કૃ.યુનિ./ કામધેનુ યુનિ.
- સેક્શન અધિકારીશ્રી, સર્વે શાખાઓ, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

ઉક્ત બાબતે જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

(સહી)
સેક્શન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

## આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

નકલ સવિનય રવાના જાણ સારૂ.

૧. આ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ.
૨. તમામ આચાર્યશ્રી/ડીન્સ તરફ.
૩. આ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ કચેરીઓ તરફ.

જા.નં.આકૃયુ/રજિ/સંકલન/ ૧૬૯૭ /૨૦૧૫
તા.૧૮/૦૫/૨૦૧૫

(સહી)
કુલસચિવ

નકલ રવાના:

૧. કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ.
૨. આ કચેરીની તમામ શાખાઓ તરફ.